# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૨ / 60 તારીખ: 2/1/22

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

ક્રોમની સ્ટીલ્સ પ્રા.લી.,

સર્વે નં.૭૪,૭૫, ટોલ ગેટની બાજુમાં

ગામ : કુંદરોડી – રતાડીયા

તા.મુન્દ્રા જી-કચ્છ.પીન ૩૭૦૪૧૦

વિષય :-કેસ નંબર પીજી ૦૪/૦૦૨/૨૦૨૧-૨૨

સંદર્ભ :- આપની અરજીનોંધણી નં. પીજી ૦૪/૦૦૨/૨૦૨૧-૨૨

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

o/c

બિડાણ-ઉપર મુજબ

(૧)અધિક્ષક ઈજનેર,પીજીવીસીએલ,વર્તુળ કચેરી, ભુજ

(૨)કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, માંડવી

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કંમ્પાઉન્ડ જી.કે. જનરલ હોસ્પિટલ સામે ભુજ

ફોન નંબર ૦૨૮૩૨-૨૪૩૫૫૦  ફેક્સ ૦૨૮૩૨-૨૫૦૦૪૮

Email- forumbhuj.pgvcl@gebmail.com


નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૨  તા. /  /૨૦૨૨

૨૦03 ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-04-002-2021-22

ક્રોમની સ્ટીલ પ્રાઈવેટ લી.ના અધિકારી
રવિભાઇ બલર
રે.સર્વે નં.૭૪/૭૫, ટોલગેટની બાજુમાં,
ગામ:- કુંદરોડી-રતાડીયા, તા:- મુંદ્રા, જી:-કચ્છ ................**અરજદાર.**

વિરુધ્ધ

કાર્યપાલક ઈજનેરશ્રી,
પીજીવીસીએલ વિભાગીય કચેરી, માંડવી-કચ્છ ............**સામાવાળા.**

બાબત:- સેવામાં ખમી અંગે...

અરજદાર તરફે :- શ્રી રવિભાઇ બલર

સામેવાળાના તરફે :- શ્રી જે.એચ.તલાટી.(કાર્યપાલક ઈજનેર)
પીજીવીસીએલ વિભાગીય કચેરી, માંડવી
શ્રી એસ.ડી.જોષી,( નાયબ ઈજનેર)
પીજીવીસીએલ વિભાગીય કચેરી, માંડવી

કોરમ: (૧) શ્રી એન.સી.મકવાણા - ચેરપર્સન
(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર
(3) શ્રી પી.સી.કાલરીયા – મેમ્બર ટેક

સુનાવણી સ્થળ:- કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ

તા.: ૧3/0૪/૨0૨૨ – 0૧/0૯/૨0૨૨

## ઠરાવ

૧. આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે ક્રોમની સ્ટીલ પ્રાઈવેટ લી. માંડવી વિભાગીય કચેરીનું એચ.ટી. વિજ કનેક્શન ગ્રાહક નં. ૩૧૧૬૬ (જુનો) ૧૧ કેવી વાળું ધરાવતા હતા અને

તે અંગેની ડીપોઝીટમાંથી મીનીમમ ચાર્જ રૂ. ૫૪,૭૦,૧૯૪/- કાપવામાં આવેલ જેની ટોટલ ડીપોઝીટની રકમ રૂ. ૭૦,૪૪,૨૦૪/- ભરપાઈ કરેલ સદર કનેક્શન સામાવાળાએ તા.૨૮-૦૩-૨૦૧૮ ના રોજ ડીસકનેક્ટ કોઈપણ જાતની અરજદારની અરજી વિના કરવામાં આવેલ અને તેજ તા. ૨૮-૦૩-૨૦૧૮ ના રોજ ૨૦૦૦૦ કેવીનું સદર કંપનીના નામે વિજ કનેક્શન ચાલુ કરવામાં આવતા ૨૦૦૦૦ કેવીનું બીલ અને મીનીમમ ચાર્જ રેગ્યુલર ભરતા હોવાથી કંપની ૧૬૦૦ કેવીનું મીનીમમ ચાર્જ ભરવા જવાબદાર ન હોવા છતાં સામાવાળાએ કંપનીનો કોન્ટ્રાક્ટ એચ.ટી.માંથી ઈ.એચ.ટી.માં ટ્રાન્સફર કરી દેવો જોઇએ અને કંપનીની ૧૧ કેવીની ડીપોઝીટ રૂ. ૭૦,૪૪,૨૦૪/- પરત મળવાપાત્ર હોવા છતાં તેવી રકમ પરત નહી કરતા હાલની અરજી મારફતે દાદ માંગેલ છે.

૨. આ કામના સામાવાળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. કચેરી તરફેની રજુઆત એવી છે કે આ કામના અરજદાર કંપનીને અગાઉ એચ.ટી. વિજ કનેક્શન માંગણી મુજબ આપવામાં આવેલ જે રીલીઝ કરવા અંગે તા.૧૮-૦૮-૨૦૧૮ ના રોજ એગ્રીમેન્ટ મુજબ કરવામાં આવેલ અને જેની અનામતની રકમ રૂ. ૭૦,૪૪,૨૦૪/- ભરપાઈ કરેલ. સદર કંપની દ્વારા ૨૦૦૦૦ કેવીએ ના નવા ઈ.એચ.ટી. વિજ કનેક્શન માટે અમોની વડી કચેરી રાજકોટ મુકામે કંપની મારફતે અરજી કરવામાં આવતા ૨૦૦૦૦ કેવીએનું વિજ જોડાણ રીલીઝ (ચાર્જ) કરતા ૧૬૦૦ કેવીએનું હયાત વિજ જોડાણ ચેકીંગ શીટ ભરી ગ્રાહકના પ્રતિનિધીની હાજરીમાં જ ઇલેકટ્રીસીટી સપ્લાય કોડના અનું.નં.૪.૧૦૨ મુજબ કરવામાં આવેલ હોઈ ૧૬૦૦ કેવીએ ના કનેક્શનનો બે વર્ષનો ન્યુનત્તમ સમયગાળો તા.૧૭-૦૮-૨૦૨૨ ના પુર્ણા થતો હોઈ જુન ૨૦૧૯ થી તા.૧૭-૦૮-૨૦૨૦ સુધીની મીનીમમ ચાર્જની રકમ રૂ. ૫૪,૭૦,૧૯૪/- તેમની અનામતની રકમ સાથે સરભર કરવામાં આવેલ તેમજ મીનીમમ ચાર્જની રકમ રૂ. ૮૨,૦૭૩.૬૦ પૈસા વસુલવામાં આવેલ આમ રૂ. ૧૭,૦૩,૯૪૨.૮૪ પૈસા પરત કરવાના થાય તે વર્તુળ કચેરી દ્વારા મંજુર થઈ આવતા તા.૦૮-૦૪-૨૦૨૨ ના રોજ પરત આપવામાં આવેલ હોઈ અરજદારને કોઈ દાદ મળવાપાત્ર નથી.

૩. બન્ને પક્ષકારોની ઉપરોક્ત રજુઆત જોતા મોટા ભાગની હકીકતો અંગે પક્ષકારો વચ્ચે તકરાર નથી. કોમની સ્ટીલ પ્રાઈવેટ લી. માંડવી વિભાગીય કચેરીનું એચ.ટી. વિજ કનેક્શન ગ્રાહક નં. ૩૧૧૬૬ (જુનો) વાળું ધરાવતા હતા અને તે અંગેની ડીપોઝીટમાંથી મીનીમમ ચાર્જ રૂ. ૫૪,૭૦,૧૯૪/- કાપવામાં આવેલ જેની ટોટલ ડીપોઝીટની રકમ રૂ. ૭૦,૪૪,૨૦૪/- ભરપાઈ કરેલ અને સદર કનેક્શન તા. ૧૮-૦૮-૨૦૧૮ ના પક્ષકારો વચ્ચેના એગ્રીમેન્ટ મુજબ કંપની દ્વારા ૨૦૦૦૦ કેવીએનું વિજ જોડાણ રીલીઝ (ચાર્જ) કરતા ૧૬૦૦ કેવીએનું હયાત વિજ જોડાણ ચેકીંગ શીટ ભરી ગ્રાહકના પ્રતિનિધીની હાજરીમાં જ ઇલેકટ્રીસીટી સપ્લાય કોડના અનું.નં.૪.૧૦૨ મુજબ આપવામાં આવેલ તેમજ ૧૬૦૦ કેવીએ ના કનેક્શનનો બે વર્ષનો ન્યુનત્તમ સમયગાળો તા.૧૭-૦૮-૨૦૨૨ ના પુર્ણા થતો હોઈ જુન ૨૦૧૯ થી તા.૧૭-૦૮-૨૦૨૦ સુધીની મીનીમમ ચાર્જની રકમ રૂ. ૫૪,૭૦,૧૯૪/- તેમની અનામતની રકમ સાથે સરભર કરવામાં આવેલ તેમજ મીનીમમ ચાર્જની રકમ રૂ. ૮૨,૦૭૩.૬૦ પૈસા વસુલવામાં આવેલ અને ગ્રાહકે રૂ. ૨,૧૨,૦૦૬.૪૪ પૈસા વધારાની ભરપાઈ કરેલ રકમ જમા આપવામાં અને નિયમ મુજબ રૂ. ૧૭,૦૩,૯૪૨.૮૪ પૈસા પરત કરવાના થાય તે વર્તુળ કચેરી દ્વારા મંજુર થઈ

આવતા તા.૦૮-૦૪-૨૦૨૨ ના રોજ પરત આપવામાં આવેલ છે અને તેવી રકમ કંપનીને મળેલ ન હોવાની હકીકતને કંપની તરફે નકારવામાં આવેલ ન હોઈ અરજદારની માંગણી મુજબની રકમ કંપનીના નિયમ મુજબ મળવાપાત્ર નથી તેમજ સામાવાળા કંપનીએ ઇલેકટ્રીસીટી સપ્લાય કોડના અનું.નં.૪.૧૦૨ મુજબની કાર્યવાહી કરેલ હોઈ પરત આપવાપાત્ર રકમ પરત આપેલ હોવાથી સેવામાં કોઈ ખામી દાખવેલ ન હોઈ આ કામે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

-: હુકમ:-

અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજ તા. ૦૧/૦૯/૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| (આર.જી.કુંપાવત) | (પી.સી.કાલરીયા) | (એન.સી.મકવાણા) |
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેરપર્સન |

**ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.**

નોંધ:

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ- 30 માં વિધ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિધ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામાં નં.૦૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તોજ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણી સાબીતી રજુ કરી હોય તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું : વિધ્યુત લોકપાલની કચેરી , જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ રાજકોટ ૩૬૦૦૦૧